# શ્રી સમયસારજી સ્તુતિ

[સુવર્ણપુરીમાં પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની સાધના, ઉપદેશ અને નિવાસ માટે ભક્તોએ સ્વાધ્યાયમંદિરનું નિર્માણ કર્યું. આ સ્વાધ્યાયમંદિરના ઉદ્‌ઘાટન પ્રસંગે તેમાં પૂજ્ય ગુરુદેવશ્રીના કૃપાભીના આદેશથી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના હસ્તે પરમાગમ સમયસારની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મંગલ પ્રસંગે વિ.સં. ૧૯૯૪ (ઈ.સ. ૧૯૩૮)માં ૩૦ વર્ષની વયે પંડિત શ્રી હિંમતભાઈએ આ સમયસાર સ્તુતિની રચના કરી હતી. તે ત્યારથી દરેક મુમુક્ષુ મંડળોમાં નિયમિત જિનવાણીની સ્તુતિરૂપે ગવાય છે.]

(હરિગીત)

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર! તેં સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

(અનુષ્ટુપ)

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

(શિખરિણી)

અહો! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

(શાર્દૂલવિક્રીડિત)

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા,
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

(વસંતતિલકા)

સુણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

(અનુષ્ટુપ)

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.